## કેન્દ્રીય ગૃહમંત્રીને આગમનને પગલે શહેર લોખંડી સુરક્ષામાં ફેરવાયું

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર રાયસણ પાસે પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીં ખાતે તા.૨૯ ઓગસ્ટને ગુરુવારના રોજ પદવીદાન સમારોહ યોજાશે. આ સમારોહમાં સંસ્થાના પ્રેસીડન્ટ મુકેશ અંબાણી અને મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા કોઈ કચાશ રહી ન જાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં ૫૫૦ થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના સુપરવિઝનમાં ૬ ડીવાયએસપી, ૯ પીઆઈ, ૪૦ પીએસઆઈ, ૫ મહિલા પીએસઆઈ, ૪૧૦ પોલીસ જવાનો, ૧૦૩ મહિલા પોલીસ સુરક્ષા માટે સતત ખડેપગે રહેશે. તો બીજીતરફ માર્ગ પર કયાંય ટ્રાફિકજામની સમસ્યા ના સર્જાય તે માટે ટ્રાફિકના ૧૮ કર્મચારીઓ પણ ફરજ બજાવશે. કાર્યક્રમને અનુલક્ષી બુધવારના રોજ પોલીસ તંત્ર દ્વારા પીડીપીયુ ખાતે રીહર્સલ કરાયું હતું.

# પરપ્રાંતિયોને ઓબીસી-ઈબીસીનો અધિકાર ન મળે તો વડાપ્રધાનનો દરવાજો ખટખટાવો

### પરપ્રાંતિય ઓબીસી-ઈબીસી અધિકાર મંચની બેઠકમાં કે.જી. વણઝારા ગરજ્યા

ગાંધીનગર, તા. ૨૮

પરપ્રાંતિય ઓબીસી-ઈબીસી અધિકાર મંચના પદાધિકારીઓની એક મહત્વની બેઠક અમદાવાદના શાહીબાગ એનેક્ષી ખાતેના સર્કિટહાઉસમાં યોજાઈ હતી. આ બેઠકમાં રાજયભરમાંથી આવેલા ૧૦૦થી વધુ અગ્રણીઓએ ભાગ લીધો હતો. તેમજ સમાજ કલ્યાણ વિભાગના કે.જી. વણઝારા ઉપસ્થિત રહ્યાં હતા જેમણે સંબોધન કરતા કહ્યું હતું કે "જો રાજસ્થાનમાં ૧૦ વર્ષમાં ઓબીસીનું પ્રમાણપત્ર મળી શકતુ હોય તો તે જ નાગરિકને ગુજરાતમાં પણ મળવું જોઈએ, આ માટે જો રાજય સરકાર સહકાર ના આપે તો વડાપ્રધાનનો દરવાજો ખટખટાવવો જોઈએ."




આ સાથે તેમણે આ માલે જો કોઈ રસ્તો ના નીકળે તો સુપ્રિમ કોર્ટ સુધી પરપ્રાંતિય ઓબીસી-ઈબીસી અધિકાર મંચના વકીલ બની લડવાની તૈયારી પણ તેમણે દર્શાવી હતી. આ બેઠકમાં ગાંધીનગરથી સંયોજક તુલસીભાઈ માળી અને નરેન્દ્ર પુરોહિત ઉપરાંત રાજયના અન્ય અગ્રણીઓ જેવા કે ગિરવરસિંહ શેખાવત, ભવાનીસિંહ શેખાવત, ભદ્રભાઈ ધોબી, મનોજ મોર્ય, અરવિંદ મિશ્રા, જગરૂપસિંહ રાજપૂત, ગલબાજી ટાંક, મોહનજી દરજી, સજ્જનસિંહ ચુડાવત, કાલુભાઈ લુહાર, રમેશકુમાર તિવારી, અતુલ મિશ્રા અને પ્રવક્તા પુખરાજ પ્રજાપતિ અને પરપ્રાંતિય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના અભિપ્રાયો વ્યકત કર્યા હતા.

# ભારે વરસાદ સાથે 'ઓગસ્ટ' વિદાય લેશે : અંબાલાલ પટેલ

### રાજયના અનેક ભાગોમાં આજથી ચાર દિવસમાં ભારે વરસાદની વકી ; ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં ઉત્તર ગુજરાતમાં મેઘ મહેર વધશે

ગાંધીનગર, તા. ૨૮

આ વર્ષે ચોમાસું ભલે મોડું શરૂ થયું હોય પરંતુ રાજયભરમાં મેઘરાજાની મહેર સાર્વત્રિક રીતે મન મૂકીને વરસી રહી છે. ગાંધીનગરમાં બીજા રાઉન્ડમાં મેઘરાજા હેત વરસાવી રહ્યા છે અને ધીમે ધીમે તેમનો 'સ્કોર' પણ વધારી રહ્યા છે. હજુ આગામી દિવસોમાં પાટનગર સહિત રાજયના કેટલાક ભાગોમાં ભારે વરસાદની વકી રહેલી છે તેવું શહેરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું હતું.

અંબાલાલ પટેલના મત મુજબ રાજયમાં આ વખતે ઘણા ભાગોમાં સારો વરસાદ થવામાં છે ઓગસ્ટની અંતિમ તારીખોમાં પણ વધુ વરસાદની સંભાવના છે. અગત્સના ઉદય પછી વરસાદનું જોર ઘટી જતું હોય છે પરંતુ ભિન્ન ભિન્ન ભાગોમાં હળવાથી ભારે કે કયાંક અતિ ભારે વરસાદ થતો હોય છે. હાલમાં સુર્યના મઘા નક્ષત્રમાં વરસાદ થવામાં છે મઘા નક્ષત્રનું પાણી ઉભા કૃષિ પાકો માટે સારું ગણાય છે. જયારે તા. ૩૧ ઓગસ્ટથી સૂર્ય પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં આવતાં આ વરસાદનું પાણી સારું ગણાતું નથી તા. ૨૯ ઓગસ્ટથી તા. ૨જી સપ્ટેમ્બર સુધી ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના રહે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની સંભાવના રહે. જયારે સાગરમાં ઉભા થતા દબાણને લીધે તા. ૩થી ૧૦ સપ્ટેમ્બરમાં આરાસુરના ભાગો, ઉત્તર ગુજરાત, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠાના ભાગોમાં વરસાદી ઝાપટાંની સંભાવના રહે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદની સંભાવના રહે. આ વરસાદી પાણી ઉભા કૃષિ પાક માટે સારં ગણાતું નથી. વરસાદ સપ્ટેમ્બર તેમજ ઓકટોબર માસમાં પણ આવવાની સંભાવના રહે.

# આજે ૧૦૮ ઈમરજન્સી સેવાની સફળતાના ૧૨ વર્ષની ઉજવણી કરાશે

૧૦૮ ઈમરજન્સી સેવાની ૧૨મી વર્ષગાંઠ ઉજવણી તારીખ ૨૯ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ઓડિટોરીયમ હોલ, ગાંધીનગર ખાતે બપોરના ૧.૩૦ કલાકે આયોજન કરવામાં આવેલ છે. ગુજરાતમાં ૧૦૮ ઉમરજન્સી સેવાની ૧૨મી વર્ષગાંઠના દિવસે ગાંધીનગર ખાતે આયોજીત કાર્યક્રમમાં પી.કે. પરમાર, આઈએએસ, એડીશનલ ચીફ સેક્રેટરી, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ડૉ જયંતિ રવિ, આઈએએસ, પ્રિન્સિપાલ સેક્રેટરી, પરિવાર કલ્યાણ અને આરોગ્ય તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ જીવીકે ઈએમઆરઆઈના સુબોધ સત્યવાદી, પ્રેસિડેંટ અને જશવંત પ્રજાપતિ, ચીફ ઓપરેટિંગ ઓફિસર, ગુજરાત પણ હાજર રહેશે. કટોકટીની પળોમાં મહામુલી માનવ જિંદગી બચાવવાના કાર્યમાં વિવિધ જિલ્લાના ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, ખિલખિલાટ, આરોગ્ય સંજીવની, ૧૦૮ મહિલા હેલ્પલાઈન વગેરે પ્રોજેક્ટના કર્મચારીઓ દ્વારા આપેલ અમૂલ્ય યોગદાનને બિરદાવી એવોર્ડ આપી સન્માનીત કરવાનું આયોજન કરવામાં આવેલ છે. રાજ્યની ઈમરજન્સી સેવામાં કાર્યરત જીવીકે ઈએમઆરઆઈના કર્મચારીઓ દ્વારા જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે.

# બીએસએફ ભરતી કૌંભાડ પાસ થવા માટે ઉમેદવારોના લાખો રૂપીયાના સોદા

ગાંધીનગર, તા૨૮

બીએસએફ ભરતી કૌંભાડમાં વચેટીયાઓએ ઉમેદવારો પાસેથી પરીક્ષા પાસ કરાવવા માટે રૂ.૨૫ હજારથી લઈને ૩ લાખ રૂપીયા સુધીની રકમના સોદા કર્યા હોવાનું ધ્યાને આવ્યું છે. ઝડપાયેલા આરોપીઓની પુછપરછના આધારે ચિલોડા પોલીસે રાજસ્થાન, હરીયાણા અને ઉત્તરપ્રદેશ માં તપાસ કરાવી હતી. જેમાં કૌંભાડમાં રાજસ્થાનના મુખ્ય સુત્રધાર વિશ્રામ રામપ્રસાદ (રહે. લક્ષ્મણનગર અલવર), બલવીરસિંહ બલ્લુરામ ગુર્જર (રહે.કઠુમલ, અલવર) રીશીપાલ ઓમપ્રકાશ જાટ (રહે.ડીંગ એરીયા, ભરતપુર), જગરામ પંડિત (ભરતપુર) તેમજ હરીયાણાનો રાજેન્દ્ર બસ્તીરામ યાદવ (રહે.સહેબાજ મહેન્દ્રગઢ)નું નામ ખુલ્યા છે. પોલીસે તેમના ઘરે તપાસ કરતા તેઓ ફરાર હોવાનું સામે આવ્યું હતું.ચિલોડા પોલીસ ફરાર આરોપીની શોધખોળ સાથે બોગસ આધારકાર્ડ અંગે પણ તપાસ કરી રહી છે. પોલીસે ભરતી બોર્ડ પાસેથી ઉમેદવારોની યાદી મંગાવી છે. જેને પગલે આગામી સમયમાં તેમની પણ ધરપકડ કરવામાં આવશે.જયારે આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતા તેઓને હાલ જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી અપાયા છે.

# ચિલોડા ખાતે પ્રધાનમંત્રી કિસાન માન-ધાન યોજનાનો શુભારંભ

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ગ્રામ પંચાયત ખાતે પ્રધાનમંત્રી કિસાન-માન-ધાન યોજના અંતર્ગત ફોર્મ વિતરણ અને લાઈવ ફોર્મ ભરવાની પ્રક્રિયાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની ઉંમરના પાત્રતા ધરાવતા ખેડૂતો યોજનાની શરતો મુજબ જોડાવા માટે પાત્ર છે. આ ઉપરાંત નાના અને સિમાંત ખેડૂતોના પતિ-પત્ની યોજનામાં અલગ અલગ જોડાવા માટે પાત્રતા ધરાવે છે. આ યોજના હેઠળ દરેક પાત્રતા ધરાવતા નાના અને સિમાંત ખેડૂતોને રૂ. ૩૦૦૦નું પેન્શન આપવામાં આવશે. ખેડૂતોએ રૂ. ૫૫ થી રૂ. ૨૦૦ પ્રતિમાસ પેન્શન નિધિમાં તેમનુ યોગદાન જમા કરાવવાનું રહેશે. નિવૃતિથી તારીખ સુધી એટલે કે ૬૦ વર્ષના થાય ત્યાં સુધી જમા કરાવવાનું રહેશે. પાત્રતા ધરાવતા ખેડૂત આ યોજનામાં જોડાવવા ઈચ્છુક હોય તો તેમના આધાર નંબર અને બેંક પાસબુક અથવા બેંક ખાતાની વિગતો સાથે નજીકના સેવા કેન્દ્ર (સીએસસી)ની મુલાકાત લેવાની રહેશે. આ યોજના અંતર્ગત ચિલોડા ખાતે યોજનાની માહિતી માટે એક બેઠક યોજાઈ હતી. જેમાં ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, ગામ પંચાયત સદસ્ય નટુભાઈ પટેલ, ગ્રામ સેવક જગદીશભાઈ ગોહિલ અને ખેતીવાડી અધિકારી અનિષ ભટ્ટ ઉપસ્થિત રહી લાભાર્થીઓને યોજના અંગે માહિતગાર કર્યા હતા.






**પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મગોડી ખાતે સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ વિતરણ**

મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલ સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મગોડીમાં ગુજરાત સરકારની સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધો. ૯માં અભ્યાસ કરતી કુલ ૨૩ જરૂરિયાતમંદ દીકરીઓને સાયકલ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તથા સમગ્ર શાળા પરિવારે દીકરીઓને અભિનંદન પાઠવી ભણવામાં વધુ તેજસ્વી બનો તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## આર્મી ભરતી મેળામાં ભાગ લેનાર ઉમેદવારો જોગ

ગાંધીનગર, તા. ૨૮

તા. ૨૮મી ઓગષ્ટથી તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી સાબર સ્પોર્ટસ સ્ટેડિયમ, હિંમતનગર ખાતે આયોજીત લશ્કરી ભરતીમેળામાં ભાગ લેનાર ઉમેદવારોએ જરૂરી અભ્યાસના પ્રમાણપત્રો, જાતિના પ્રમાણપત્રો સાથે નિયત સોગંદનામુ (નોટરી કરેલ) અચૂક સાથે રાખવા માટે રોજગાર અધિકારી ગાંધીનગરે જણાવ્યું છે.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

ગાંધીનગર તા ૨૮


ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર અમદાવાદમાં મોટેરા વિસત રોડ પર રહેતા નિર્મલભાઈ જશવંતભાઈ મહેતા અને ઘાટલોડીયામાં ચાણક્યપુરી ખાતે રહેતા રૂપસિંહ સવાઈસિંહ રાવ એકબીજાથી સારી રીતે પરિચિત હતા. જયારે ફરિયાદી નિર્મલભાઈ જમીન લે વેચનો ધંધો કરે છે. જયારે આરોપીએ ભુતકાળમાં નાની મોટી રકમ હાથ ઉછીની લઈને વાયદા મુજબ પરત કરતા તેના પર ફરિયાદને વિશ્વાસ આવ્યો હતો. જયારે તા ૧૫ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૮ ના રોજ આરોપીએ રૂ ૫૦ હજાર હાથ ઉછીના માંગ્યા હતા. જયારે આ રકમ છ મહીનામાં પરત કરવાનો વાયદો પણ આપ્યો હતો. જયારે લેંણી રકમ સામે આરોપીએ ચેક પણ આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા અપુરતા ભંડોળના શેરા સાથે ચેક બેંકમાંથી પરત ફર્યો હતો. જેના અનુસંધાને ફરિયાદીએ ગાંધીનગરની પાંચમાં અડીશ્નલ ચીફ જયુ મેજી કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરી હતી. જયારે આ કેસ કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે મૃંગાક ડી પટેલ તેમજ મેઘના દવેએ દલીલો કરી હતી. જેના અંતે જજ પુજનકુમારી લક્ષ્ણદાસે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. જયારે આ ઉપરાંત આરોપીને રૂ ૫૦ હજારનુ વળતર ચુકવવા પણ આદેશ કર્યો છે.

# ગોલ્ડન બ્રિજ પર નર્મદા નદી હજુ ભયજનક સ્તરથી પણ ઉપર

### ગોલ્ડન બ્રિજ પર નર્મદાની સપાટી ૨૮ ફૂટે : ગુજરાતમાં ૩૨ જળાશયો છલકાયા : ૫૭ જળાશયોમાં પુષ્કળ પાણી

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં અવિરત વરસાદનો દોર જારી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે પાણીની આવક તમામ જળાશયોમાં વધી રહી છે. રાજયમાં સરેરાશ ૯૩.૫૪ ટકા સુધી વરસાદ નોંધાયો છે. રાજયમાં ૩૨ જળાશયો છલકાઈ ચુક્યા છે. સરદાર સરોવરમાં કુલ સંગ્રહશક્તિના ૮૪.૮૪ ટકા પાણીનો જથ્થો થઈ ચુક્યો છે. ૫૭ જળાશયો ૭૦થી ૧૦૦ ટકા સુધી ભરાઈ ગયા છે. ૨૨ જળાશય ૫૦થી ૭૦ ટકા સુધી ભરાઈ ગયા છે. રાજયમાં વરસી રહેલા સાર્વત્રિક વરસાદના કારણે હજુ સુધી એટલે કે ૨૮મી ઓગસ્ટ સુધી રાજયમાં કુલ ૨૦૪ જળાશયો પૈકી ૩૫ જળાશયો ૩૫થી ૫૦ ટકા સુધી ભરાયા છે.



૩૨ જળાશયો છલકાયા છે. ૫૭ જળાશયો ૭૦થી ૧૦૦ ટકા તેમજ ૨૨ જળાશય ૫૦થી ૭૦ ટકા સુધી ભરાયા છે. સરદાર સરોવર જળાશયમાં કુલ સંગ્રહશક્તિના ૮૪.૮૪ ટકા પાણી ભરાયું છે. રાજયના જળ સંપત્તિ વિભાગ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. રાજયમાં હાલમાં કુલ ૫૦૦૦ ક્યુસેક તથા તેથી વધુની પાણીની આવક ધરાવતા જળાશયોમાં સરદાર સરોવરમાં ૫૨૧૬૨૯ ક્યુસેક પાણી છે જયારે વળાંકબોરીમાં પણ જંગી જથ્થો રહેલો છે. ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૩.૦૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૩.૫૫ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૮૧.૩૭ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૬૨.૫૫ ટકા અને સૌરાષ્ટ્રના ૧૩૯ જળાશયોમાં ૫૪.૫૦ એમ રાજયમાં કુલ ૨૦૪ જળાશયોમાં હાલ સંગ્રહ કરાયેલો પાણીનો કુલ જથ્થો ૪૦૪૩૨૪.૯૭ મીટર સુધી પહોંચી ગયો છે. બીજી બાજુ રાજયમાં અતિ ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. જુદા જુદા ઝોનની વાત કરવામાં આવે તો કચ્છ ઝોનમાં ૧૦૩.૦૪ ટકા વરસાદ થયો છે. સરદાર સરોવર ડેમમાંથી છોડવામાં આવેલા પાણી અને ઓરસંગ નદીમાં ઘોડાપુરના પગલે ભરુચમાં ગોલ્ડન બ્રિજ પર નર્મદા નદીની સપાટી ૨૮ ફુટ સુધી પહોંચી ગઈ છે જેથી ભરુચ અને અંકલેશ્વરના નિચાણવાળા વિસ્તારોને એલર્ટ કરીને સ્થળાંતર કરવામાં આવ્યા છે. સરદાર સરોવરની ડેમની હાલની સપાટી ૧૩૪.૦૬ મીટર ઉપર પહોંચી છે.

## ગુજરાતમાં કોંગો ફિવરનો આતંક : ૩ મહિલાના મોત

અમદાવાદ, તા.૨૮

રાજયમાં હાલ કોંગો ફિવર માથું ઉંચકી રહ્યો છે. લીંબડી તાલુકાના જામડી ગામના સુખીબેન મેણીયા અને લીલાબેન સિંધવના કોંગો ફિવરથી મોત થયા બાદ આજે ભાવનગરમાં અમુબેન નામની વધુ એક મહિલાનું મોત થયું છે. આમ, કોંગો ફિવરના ભરડામાં અત્યારસુધી ત્રણ મહિલાના મોત નોંધાતાં રાજય આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયુ છે. બીજીબાજુ, ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે. હાલ કોંગો ફિવરના લક્ષણ ધરાવતા નવ લોકોને હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. જેમાં હળવદના ૩, એક રાયખડનો યુવાન, બે ડૉક્ટર, ૨ પેરા મેડિકલ સ્ટાફ અને એક જામડી ગામની મહિલાનો સમાવેશ થાય છે. જો કે, આજે બપોર બાદ હળવદના ત્રણ, બે ડોકટર, બે પેરા મેડિકલ, અને એક અમદાવાદના દર્દીઓના કોંગોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. પ્રાથમિક રિપોર્ટમાં તેઓને કોંગો ન હોવાનું બહાર આવ્યું છે. જયારે જામડીના કુમર બેન સિંધવનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ અગાઉ તા.૨૦ ઓગસ્ટે કોંગો ફિવરના કારણે મૃત્યુ પામેલા લીલાબેન સિંધવના સાસુ કુમરબેન સિંધવ(ઉ.વ ૯૫) ને તા.૨૫ ઓગસ્ટે લીંબડીથી અમદાવાદ સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને રીબાવેરિન નામની દવા આપવામાં આવી હતી.



ભૂચરમોરીનું ઐતિહાસિક યુદ્ધ જે ભૂમિ પર થયું તે ગૌરવવંતી અને ઈતિહાસના પૃષ્ઠ ઉપર સોનેરી અક્ષરે લખાયેલ પવિત્ર ભૂમિ ઉપર અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના ૨૦૦૦થી વધુ બહેનોએ તલવાર રાસ કરીને વિશ્વ રેકોર્ડ સર્જ્યો હતો. જેનું પ્રમાણપત્ર ગુજરાતના પ્રમુખ અશ્વિન ત્રિવેદી, વિક્રમ ત્રિવેદી, કેન્દ્રીય રાજયમંત્રી વી.કે. સિંહ, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સંસદ કલ્યાણસિંહ અને ગુજરાતના રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા સહીત સમાજના આગેવાનોને અર્પણ કર્યુ હતુ. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના સાંસદ સભ્ય અને પૂર્વ મુખ્યમંત્રી જગદંબીકા પાલ, કેન્દ્રીય રાજયમંત્રી જનરલ વી.કે. સિંગ, આંતરરાષ્ટ્રીય રાજપૂત યુવા સંઘના પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજા, અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના પ્રમુખ પી.ટી. જાડેજા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મચ્છરના ઉપદ્રવને ઘટાડવા ગપ્પી માછલીનો ઉછેર કરાશે

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં ભારે વરસાદને કારણે અનેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જયારે અનેક જગ્યાએ ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. પાણી તો હવે ઓસરી ગયા છે, પરંતુ રોગચાળો માઝા મૂકી રહ્યો છે. રાજ્યમાં રોગચાળો વધવાને કારણે તાવ, મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગોએ માથું ઉચક્યું છે. આ તમામ રોગ મચ્છરોના કરડવાથી થતાં હોવાથી રાજ્ય સરકારે હવે મચ્છરોનો ઉપદ્રવ ઘટે તે માટે ગપ્પી માછલીઓનો ઉછેર કરવાનું શરૂ કર્યું છે.

તાજેતરમાં રાજ્ય સરકારના નિર્દેશાનુસાર સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ગપ્પી માછલીઓનો પ્રયોગ કરવામાં આવ્યો હતો અને ત્યાં સ્થાનિક તળાવો અને પાણી ભરાયા હોય તેવા સ્થાનોએ ગપ્પી માછલી તરતી મૂકી મચ્છરોના ઉપદ્રવ ઘટાડવામાં સફળતા મળી હતી, જેને પગલે હવે રાજય સરકારે રાજયના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારે ગપ્પી માછલીઓનો પ્રયોગ અમલમાં મૂકી મચ્છરોના ઉપદ્રવનું નિવારણ કરવાની દિશામાં આયોજન હાથ ધર્યું છે. આ બાબતે આરોગ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં મચ્છરોના ઉપદ્રવ ઘટાડવા માટે ગપ્પી માછલીનો સહારો લેવામાં આવ્યો છે, આ માછલીઓને તળાવમાં મૂકવાથી અથવા તો જ્યાં પાણી ભરાયા હોય તેવી જગ્યા ઉપર મૂકવાથી તે માછલી મચ્છરોના ઈંડાનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

